# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 04-08-2024 Morning : 9.00 to 9.10am
Day : SUNDAY National News

### આકાશવાણી- સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજ્યપાલોની પરિષદના સમાપનમાં કહ્યું કે દેશનો વિકાસ રાજ્યોના સર્વસમાવેશક અને સતત વિકાસ પર આધાર રાખે છે.
- આંતરરાષ્ટ્રીય કૃષિ અર્થશાસ્ત્રી પ્રતિનિધિઓએ ભારતની કૃષિ ક્ષમતા અને સર્વાંગી વિકાસની પ્રશંસા કરી છે.- પ્રધાનમંત્રી મોદીએ કૃષિ અર્થશાસ્ત્રીઓની 32મી આંતરરાષ્ટ્રીય પરિષદનો ગઇકાલે નવી દિલ્હીમાં આરંભ કરાવ્યો
- આરોગ્ય મંત્રાલયે માનવ અંગોને પ્રત્યારોપણ માટે સમયસર હૉસ્પિટલ પહોંચાડવા માટેની પ્રમાણભૂત કામગીરી પ્રક્રિયા જાહેર કરી.
- પેરિસ ઑલિમ્પિકમાં બેડમિન્ટનની સેમિ-ફાઈનલમાં આજે લક્ષ્ય સેન ડેનમાર્કના વિક્ટર એક્સેલસન સામે રમશે - પુરૂષ હૉકીની ક્વાર્ટર ફાઈનલમાં ભારત ગ્રેટ બ્રિટન વચ્ચે મુકાબલો
- ભારત અને શ્રીલંકા વચ્ચે ત્રણ એક દિવસીય ક્રિકેટ મેચની શ્રેણીની બીજી મેચ આજે કોલંબોમાં રમાશે.

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ- GOVERNORS CONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એકબીજાના અનુભવોમાંથી શીખવાની ભાવનામાં પરિષદમાં યોજાયેલી વ્યાપક ચર્ચાઓ માટે રાજ્યપાલોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે રાજ્યપાલ કાર્યાલયના કામકાજમાં સુધારો કરવા અને જન કલ્યાણ માટે મળેલા સૂચનો પર અમલ કરવામાં આવશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશનો વિકાસ રાજ્યોના સર્વસમાવેશક અને સતત વિકાસ પર આધાર રાખે છે અને તમામ રાજ્યોએ એકબીજાની શ્રેષ્ઠ કાર્યશૈલી અને અનુભવોમાંથી શીખીને આગળ વધવું જોઈએ. રાજ્યપાલોની બે દિવસીય પરિષદ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવન ખાતે પૂર્ણ થઈ હતી.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે સરકારે જનકલ્યાણ કાર્યક્રમોનો લાભ દરેક વ્યક્તિ સુધી પહોંચાડવાના તેના પ્રયાસો દ્વારા સામાન્ય લોકોના જીવનમાં સુધારો કર્યો છે. તેમણે રાજ્યપાલોને તમામ કાર્યક્રમોના લાભો દરેક પાત્ર વ્યક્તિ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા વિનંતી કરી જેથી સમાવેશી વૃદ્ધિના લક્ષ્યને સાચા અર્થમાં પ્રાપ્ત કરી શકાય. રાષ્ટ્રપતિએ કહ્યું કે રાજભવનનું વાતાવરણ ભારતીય જીવનશૈલી સાથે સુસંગત હોવું જોઈએ અને રાજ્યપાલોએ સામાન્ય લોકો સાથે જોડાવાના તેમના પ્રયાસો વધુ તીવ્ર કરવા જોઈએ.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે સારું ઉદાહરણ બેસાડવાની જવાબદારી રાજ્યપાલોની છે. આમ કરવાથી તેમની પોતાની ઓળખ તો બનશે જ પરંતુ લોકોને માર્ગદર્શન પણ મળશે. શ્રી ધનખરે એમ પણ કહ્યું હતું કે રાજ્યપાલોએ તેમની રાજ્યસરકારો સાથે સતત સંપર્ક જાળવી રાખવા જોઈએ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યપાલોને રાજભવનમાં શાસનનું આદર્શ મોડલ

વિકસાવવાની અપીલ કરી હતી. તેમણે કામમાં ટેક્નોલોજી અપનાવવા અને ડિજીટલાઇઝેશનને પ્રોત્સાહન આપવા પણ અનુરોધ કર્યો હતો.

શ્રી મોદીએ શૈક્ષણિક કેમ્પસને ડ્રગ્સ ફ્રી બનાવવા માટે આ સંસ્થાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સહકાર લેવાની અપીલ કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતી માટે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સૂચનની ચર્ચા કરી અને વિનંતી કરી કે અન્ય રાજ્યપાલો પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યપાલ જૂથના અહેવાલના સંદર્ભમાં જણાવ્યું હતું કે રાજ્યપાલો અને રાજભવનની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે અહેવાલના તમામ મહત્વપૂર્ણ મુદ્દાઓને લાગુ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

## AGRICULTURE – DELEGATES

કૃષિ અર્થશાસ્ત્રીઓની 32મી આંતરરાષ્ટ્રીય પરિષદમાં વિદેશી પ્રતિનિધિઓએ ભારતની કૃષિક્ષમતા અને સર્વાંગી વિકાસની પ્રશંસા કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં આ છ દિવસીય કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમાં 75 દેશોના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

બાંગ્લાદેશના પ્રતિનિધિ હાસ્મીને વૈશ્વિક કૃષિ પરિદ્રશ્યમાં ભારતની સ્થિતિની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ભારત ઘણી કૃષિ ઉત્પાદનમાં અગ્રણી ઉત્પાદક રહ્યું છે. જેમાં ભારતની વૈવિધ્યસભર ઇકોસિસ્ટમ અને કૃષિ શિક્ષણ પ્રણાલીની મહત્વની ભૂમિકા ભજવી છે.

કેન્યાના પ્રતિનિધિ ડોડો મકવાલે કહ્યું છે કેભારત કૃષિ ક્ષેત્રમાં ઝડપથી વિકાસ કરી રહ્યું છે અને અહીં જે સંશોધન થઈ રહ્યું છેતે પ્રશંસનીય છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત પરંપરાગત ખેતી દ્વારા અન્ય દેશોને અનાજ પહોચાડી રહ્યું છે.

જાપાનના પ્રતિનિધિ સોબ્રને વિવિધ પ્રકારની કૃષિ પેદાશો અને તેમની નિકાસમાં ભારતની ક્ષમતાની પ્રશંસા કરી હતી. તેમણે પરંપરાગત પદ્ધતિઓ સાથે આધુનિક ટેકનોલોજીનો લાભ લેવા માટે ભારત અને અન્ય દેશો વચ્ચે સહકાર પરભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . .

# PM FOOD CONF.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારત એક ખાદ્ય સરપ્લસ દેશ છે અને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને વૈશ્વિક પોષણ સુરક્ષા માટે ઉકેલો પ્રદાન કરવામાં વ્યસ્ત છે. તેમણે ખાતરી આપી હતી કે સરકાર ખેડૂતોના જીવનને સુધારવાના ઉદ્દેશ્ય સાથે સુધારા અને પગલાં સાથે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવી રહી છે. ગઇકાલે નવી દિલ્હીમાં કૃષિ અર્થશાસ્ત્રીઓની 32મી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, કૃષિ એ સરકારની આર્થિક નીતિનું કેન્દ્ર છે. તેમણે કહ્યું કે, ભારત બાજરી, દૂધ, કઠોળ અને મસાલાનો સૌથી મોટો ઉત્પાદક છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત રાસાયણિક મુક્ત કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેમણે કહ્યું કે, કેન્દ્રીય બજેટ 2024-25માં ટકાઉ કૃષિ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, ભારત કૃષિ ક્ષેત્રમાં ડિજિટલ ટેક્નોલોજીનો

ઉપયોગ કરી રહ્યું છે અને પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ, એક ક્લિક દ્વારા દસ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવે છે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે કૃષિ અર્થશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં લગભગ 75 દેશોના લગભગ એક હજાર પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ વર્ષની કોન્ફરન્સની થીમ છે - સસ્ટેનેબલ એગ્રી-ફૂડ સિસ્ટમ્સ તરફ પરિવર્તન.

આ પ્રસંગે બોલતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, પ્રધાનમંત્રી  મોદીના નેતૃત્વમાં ભારતનો કૃષિ વિકાસ દર વિશ્વમાં સતત સૌથી વધુ રહ્યો છે.

. . . . . . . . . . . . .

## CENTRE ORGAN TRANSPLANT

આરોગ્ય મંત્રાલયે માનવ અંગોને પ્રત્યારોપણ માટે સમયસર હૉસ્પિટલ પહોંચાડવા માટેની પ્રમાણભૂત કામગીરી પ્રક્રિયા જાહેર કરી છે. આરોગ્ય સચિવ અપૂર્વ ચન્દ્રાએ કહ્યું, આનાથી ગુણવત્તાયુક્ત રીતે અંગ પ્રત્યારોપણ થઈ શકશે. અંગોને સમયસર હૉસ્પિટલ પહોંચાડવાથી પ્રત્યારોપણની રાહ જોતા અસંખ્ય દર્દીના જીવ બચાવી શકાશે.

પ્રત્યારોપણ માટે અંગોને એક હૉસ્પિટલથી બીજી હૉસ્પિટલ લઈ જવામાં અનેક વખત ઘણો સમય લાગી જાય છે. આ નવી પ્રક્રિયા મુજબ, પ્રત્યારોપણ માટે અંગ લઈ જતી એરલાઈનને એર ટ્રાફિક કન્ટ્રોલથી ઝડપથી ઉડાન ભરવાની મંજૂરી મળી શકશે તેમ જ અંગ લઈ જનારા વ્યક્તિને આગળની સીટ આપવામાં આવશે. આ

રીતે માર્ગ, રેલવે અને જહાજના માધ્યમથી અંગોને લઈ જવા માટે માપદંડ નક્કી કરાયા છે.

આરોગ્ય મંત્રાલયે આ પ્રમાણભૂત કામગીરી પ્રક્રિયા નીતિ આયોગ અને પ્રત્યારોપણ નિષ્ણાતોના પરામર્શ સાથે તૈયાર કરી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

--------------------

# VAISHNAW- SEMICONDUCTOR

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે આસામના મોરીગાંવમાં ટાટાના સેમિકન્ડક્ટર યુનિટનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું છે. શ્રી વૈષ્ણવે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે આ એકમ માટે 27 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને 15 હજાર પ્રત્યક્ષ જ્યારે આશરે 13 હજાર પરોક્ષ રોજગાર ઊભો થશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં દરરોજ 4 કરોડ 83 લાખ ચિપ્સ બનાવી શકાય છે જેનો ઉપયોગ બેટરીથી ચાલતા વાહનો અને દુરસંચાર તથા નેટવર્ક માળખામાં થશે.

આ વર્ષે 29 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે આસામના મોરીગાંવમાં ટાટાના સેમિકન્ડક્ટર યુનિટના નિર્માણને મંજૂરી આપી હતી.

. . . . . . . . . . . . .

# IMD - WEATHER

હવામાન વિભાગે પશ્ચિમ મધ્યપ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં આજે ભારે વરસાદની આગાહી કરી છે.દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારમાં ઓછા દબાણના વિસ્તારને કારણે આસ્થિતિ સર્જાઈ છે.

હવામાન વિભાગે જણાવ્યુ કે મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવાના ઘાટ વિસ્તારોમાં પણ આજે ભારે વરસાદની સંભાવના છે. જ્યારે જમ્મુ-કાશ્મીર અને પંજાબ પણ વરસાદ થવાની સંભાવના છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, પેટા-હિમાલયન પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વ ભારતમાં આગામી દશમી ઓગસ્ટ સુધી વરસાદી માહોલ રહેશે. દરમિયાન, દક્ષિણભારતમાં તટિય કર્ણાટકમાં આજે ભારે વરસાદની સ્થિતિ રહેશે તથા કેરળ, માહે અને તમિલનાડુમાં આવતીકાલ સુધી ભારે વરસાદની સ્થિતિ રહેશે. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન દેશના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

. . . . . . . . . . . . .

# PARIS OLYMPICS

પેરિસ ઑલિમ્પિકમાં બેડમિન્ટનની સેમિ-ફાઈનલમાં આજે લક્ષ્ય સેન ટોક્યો ઑલિમ્પિકના સુવર્ણ ચંદ્રક વિજેતા ડેનમાર્કના વિક્ટર એક્સેલસન સામે રમશે. આ મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. ઉપરાંત આજે મુક્કેબાજીમાં લવલિના બોરગોહેન 75 કિલો વજન વર્ગની ક્વાર્ટર ફાઈનલમાં ચીનનાં લી કિઆન સામે રમશે.

પુરૂષ હૉકીની ક્વાર્ટર ફાઈનલમાં આજે ભારતીય ટીમ ગ્રેટ બ્રિટન સામે રમશે. આજે ભારત જીતશે તો સતત બીજી વાર ઑલિમ્પિકની સેમિ-ફાઈનલમાં પહોંચનારી ટીમ બની જશે.

નિશાનેબાજીમાં રાષ્ટ્રમંડળ રમતના સુવર્ણ ચંદ્રક વિજેતા અનીશ ભાનવાલા અને વિજયવીર સિદ્ધુ 25 મીટર રેપિડ ફાયર પિસ્ટલના ક્વાલિફિકેશન તબક્કા માટે રમશે. પહેલો ક્વાલિફિકેશન તબક્કો આજે બપોરે સાડા 12 વાગ્યાથી શરૂ થશે.

એથ્લેટિક્સમાં પારૂલ ચૌધરી ત્રણ હજાર મીટર સ્ટીપલચેઝના પહેલા રાઉન્ડમાં મેદાને ઉતરશે. જ્યારે પુરૂષોની લાંબી કૂદ સ્પર્ધામાં ભારતીય એથ્લિટ જેસ્વિન ઑલ્ડ્રિન આજે ક્વાલિફિકેશન રાઉન્ડમાં બપોરે અઢી વાગ્યે પોતાનું અભિયાન શરૂ કરશે.

. . . . . . . . . . . . .

# CRICKET-INDIA-SRI LANKA

ભારત અને શ્રીલંકા વચ્ચે ત્રણ એક દિવસીય ક્રિકેટ મેચોની શ્રેણીની બીજી મેચ આજે કોલંબોમાં રમાશે. આ મેચ બપોરે અઢી વાગે શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે શ્રેણીની પ્રથમ મેચ ટાઈ રહી હતી.

. . . . . . . . . . . . .

## ARMY - HP RELIEF

હિમાચલ પ્રદેશના શિમલા અને મંડી જિલ્લામાં વાદળ ફાટવા અને ભૂસ્ખલન બાદ સેનાએ બચાવ અને રાહત કામગીરીને વધુ વેગવાન બનાવી છે. પૂરગ્રસ્ત રામપુર સબ-ડિવિઝનના સમેજ ગામમાં આર્મી મેડિકલ કેમ્પમાં લગભગ 90 લોકોની સારવાર કરવામાં આવી છે. સેનાએ લોકોની અવરજવર માટે અને આવશ્યક ચીજવસ્તુઓની હેરફેરી માટે એક અસ્થાયી ફૂટબ્રિજ પણ બનાવ્યો છે અને અસરગ્રસ્તોને ખોરાક અને દવા આપી રહી છે. ઘટના સ્થળ નજીક બ્લોક કરાયેલા રોડનું સમારકામ કરવામાં આવ્યું છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે શોધ અને બચાવ કામગીરી માટે વધારાની ટીમો તૈનાત કરવામાં આવી છે. સેનાના અધિકારીઓ રાજ્ય બચાવ ટીમ અને વહીવટીતંત્ર સાથે મળીને કામ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# KERAL VAYNAD

કેરળના વાયનાડમાં ભૂસ્ખલનની ઘટનાનાં છઠ્ઠા દિવસે પણ રાહત કામગીરી ચાલી રહી છે. ભારતીય સેનાનાં 1260 થી વધુ લોકો અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે રાહત બચાવ કામગીરી કરી રહ્યાં છે. ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોનું ડ્રોન દ્વારા સર્વે કરી જમીનનાં સ્તરની જૂના નકશા સાથે સરખામણી કરી કાટમાળની અંદર બચાવ કાર્યને વધુ વેગવંતી બનવવાનો સરકારે નિર્ણય કર્યો છે. તેમજ રાહત કામગીરીને અસર ના હેતુથી હાલમાં પ્રવાસીઓને ઘટનાસ્થળે આવવા પર પણ કેબિનેટ સબ કમિટીએ પ્રતિબંધ ફરમાવ્યો છે.

દરમિયાન, રાજ્ય આરોગ્ય વિભાગ અસરગ્રસ્ત પ્રદેશના તમામ બાળકો માટે માનસિક સ્વાસ્થ્ય સહાય અને સારવારની ખાતરી કરશે. આ માટે 137 કાઉન્સેલરોને તૈનાત કરવામાં આવ્યા છે. સરકારે આદેશ જાહેર કર્યો છે કે ડીએનએ ટેસ્ટ માટે સેમ્પલ લેતા પહેલા માનસિક સ્વાસ્થ્ય પ્રોટોકોલનું સખત રીતે પાલન કરવું જોઈએ. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા મુંડક્કાઈ અને ચૂરલમાલા ખાતે ક્લિનિક્સની સ્થાપના કરવામાં આવી છે. રાજ્યના વન વિભાગે ચલીયાર નદી કિનારે આવેલા જંગલ વિસ્તારોમાં મૃતદેહોની શોધ માટે વધુ જવાનો તૈનાત કર્યા છે.

. . . . . . . . . . . . .